તા.૨૦/૦૨/૨૦૨૦

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક.....................

## -: પ્રેસ નોટ :-

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી ઉત્પન્ન થતાં ઘન કચરાનો નિકાલ નાકરાવાડી ગામનાં સર્વે નં:- ૨૨૨/પૈકીની જમીનમાં કરવામાં આવે છે. નાકરાવાડી ખાતેનો વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ ડિસેમ્બર-૨૦૧૩ થી બંધ હોવાથી, નાકરાવાડી ખાતે ઘન કચરાનો જથ્થો જમા થયેલ છે. આ જમા થયેલ ઘન કચરાનો નિકાલ કરવો જરૂરી હોય, એજન્સી દ્વારા નાકરાવાડી સાઇટ ખાતે જુના કચરાને પ્રોસેસીંગ માટેની જરૂરી મશીનરી ઇન્સ્ટોલેશન કરવામાં આવતા, આજ તા.૧૯/૦૨/૨૦૨૦ નાં રોજ મેયરશ્રી બિનાબેન આચાર્ય દ્વારા આ કામગીરી શરૂ કરાવેલ. આ અવસરે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મિરાણી, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, ડે.મેયર અશ્વિનભાઇ મોલિયા, શાસકપક્ષના નેતા દલસુખભાઇ જાગાણી, દંડક અજયભાઇ પરમાર, સેનિટેશન કમિટીના ચેરમેન અશ્વિનભાઈ ભોરણીયા, ડેપ્યુટી નાયબ કમિશનરશ્રી એ.આર.સિંઘ, પર્યાવરણ ઇજનેરશ્રી નિલેશભાઇ પરમાર, નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી અંબેશભાઇ દવે હાજર રહેલ.

(પી.એ.ટુ મેયર)


CASE




CASE
770EX


JCB


JCB

